ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૫ ટકા

# રકતદાનની ઉમદા પ્રવૃત્તિ માટે કડી સર્વ વિદ્યાલય સન્માનિત

## છેલ્લા ૭ વર્ષમાં ૬૦૩૬ રકત બોટલો એકત્ર કરવા બદલ રાજયપાલના હસ્તે ટ્રોફી આપી સન્માન કરાયું



ગાંધીનગર, તા.૯
રકતદાન એ મહાદાન છે અને ગાંધીનગર રકતદાન ક્ષેત્રે તત્પર યુવા નાગરિકો ધરાવતું શહેર છે. શહેરની સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓ પણ રકતદાન ક્ષેત્રે અગ્રેસર છે. ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રકતદાન પ્રવૃત્તિ માટે રાજયપાલ ઓ.પી.કોહલીના હસ્તે સન્માનવામાં આવ્યું છે.

'કર ભલા હોગા ભલા'ના સુત્ર સાથે શિક્ષણ એજ સાચી સેવાનો અભિગમ લઈ શિક્ષણ સાથે સામાજિક ઉત્થાનનું કાર્ય કરતા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા છેલ્લા ૭ વર્ષમાં ૬૦૩૬ રકત બોટલોનું રકતદાન કરવામાં આવ્યું છે. જે બદલ રાજયપાલના હસ્તે ટ્રોફી આપી સન્માનિત કરાઈ છે. કડી કેમ્પસમાં પૂર્વ સંચાલક પૂ. માણેકદાદાની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે રકતદાન શિબિર યોજવામાં આવે છે. સર્વ વિદ્યાલય કેમ્પસની સંસ્થાઓ દ્વારા વર્ષ ૨૦૧૨થી આ રકતદાન શિબિરોનું આયોજન કરાય છે જે અંતર્ગત સાત વર્ષમાં ૬૦૩૬ રકત યુનિટસ એકત્ર કરી રેડક્રોસ સોસાયટીમાં જમા કરાવાયું છે. આ રકતદાન શિબિરો થકી એકત્ર થયેલ રકત થેલેસેમીયા અને અન્ય ગંભીર બિમારીઓ સમયે જરૂરિયાતમંદને અણીના સમયે કામમાં આવે તે હેતુસર એકત્ર કરવામાં આવ્યું છે. અમદાવાદના જે.બી. ઓડિટોરિયમ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં રાજયપાલ ઓ.પી. કોહલીના હસ્તે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળને રકતદાનની ઉમદા સેવા માટે ટ્રોફી આપી સન્માનવામાં આવ્યું છે.

# બાપુ કોલેજના વિદ્યાર્થીઓએ પાણીમાં તરી શકે તેવું મકાન બનાવ્યું...!!

## પુર તથા જળપ્રલયના સમયે ઓછી જાનહાની સાથે બચાવકાર્યમાં ઉપયોગી બની શકે : સાત બાય સાત ફુટના સ્ટ્રકચરમાં ૨૦ થી ૨૫ વ્યકિત આશરો લઈ શકે





ગાંધીનગર, તા.૯
ગાંધીનગરના વાસણ ખાતેની શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના એન્જિનીયરીંગના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓએ અનોખો પ્રોજેકટ હાથ ધરીને આશ્ચર્ય સર્જયું છે. આ વિદ્યાર્થીઓએ પાણી પર તરી શકે તેવું કોંક્રિટનું મકાન બનાવ્યું છે. વિદ્યાર્થીઓએ તૈયાર કરલા આ પ્રોજેકટને કારણે પુર જેવા જળસંકટના સમયે જાનહાની અટકાવવા સાથે બચાવ કાર્ય વધુ અસરકારક રીતે કરી શકાય તેવી આશા ઉભી થવા પામી છે.

ગત વર્ષે ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં પુરના કારણે ભારે તરાજી સર્જાઈ હતી. અનેક નાગરિકો બેઘર થવા સાથે અસંખ્ય નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ સમયે જળસંકટની પરિસ્થિતિમાં બચાવ કાર્ય વધુ સારી રીતે થઈ શકે અને જાનહાની પર નિયંત્રણ મેળવી શકાય તેવા સ્ટ્રકટરની જરૂરિયાત જણાઈ હતી. ગાંધીનગર વાસણ ખાતેની શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ તાજેતરમાં તૈયાર કરેલ પ્રોજેકટને કારણે આ ક્ષેત્રે આશાવાદ પેદા થયો છે. આ વિદ્યાર્થીઓએ પાણીમાં તરી શકે તેવું કોંક્રિટનું સ્ટ્રકચર બનાવ્યું છે. સામાન્ય રીતે માનવામાં આવે છે કે સિમેન્ટ કોંક્રિટનું સ્ટ્રકચર પાણીમાં તરી શકે એ અશકય છે પરંતુ આ વિદ્યાર્થીઓએ આ અશકયને શકય કરી બતાડયું છે.

આ સ્ટ્રકચરનું લોકાર્પણ આજે સંસ્થાના ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અન્ય ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને ડાયરેકટર રવિકુમાર સહિત ફેકલ્ટીઝ હાજર રહ્યા હતા.

આ કોંક્રિટ સ્ટ્રકચર એન્જિનીયરીંગના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વૃષલ અમીન, સાવન દત્તા, પ્રિત મોકરીયા, સુરજ બારોટ, યશ ચૌહાણ, પાર્થ પટેલ, કૃતિક પટેલ, ઉમંગ રાવલ અને ગુલામ હુસેન બલોલીયાએ તેમના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ અભિજિતસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ આ સ્ટ્રકચર તૈયાર કર્યુ છે. આ સ્ટ્રકટર ૭x૭ ફુટનું બનાવાયું છે જેનું વજન ૩૦૦ કિલો છે અને ક્ષમતા ૧૪૦૦ કિલો વજન વહન કરવાની છે. જે મુજબ આશરે ૨૦ થી ૨૫ વ્યકિતઓ તેમાં આશરો લઈ શકે છે. આ સ્ટ્રકચરના બાંધકામનો ખર્ચ આમ તો ૨૫ હજાર રૂપિયા થયો છે પરંતુ જો તેનું વ્યવસાયિક ધોરણે ઉત્પાદન કરવામાં આવે તો હજુ પણ તેની પડતર કિંમત ઘટી શકે છે.

# જીઆઈડીસીના ઔદ્યોગીક અને હાઉસીંગના પ્લોટ ટ્રાન્સફરની સંખ્યાબંધ ફાઈલો પડતર

## અધિકારીઓની ઢીલી નિતી સામે રોષ

ગાંધીનગર, તા.૯
જીઆઈડીસીના ઔદ્યોગીક અને હાઉસીંગના પ્લોટ ટ્રાન્સફરની સંખ્યાબંધ ફાઈલો પડતર પડી છે. સે-૨૫, ૨૬ અને ૨૮ ઔધોગીક પ્લોટ ટ્રાન્સફરની ઢગલાબંધ અરજીઓ પેન્ડીંગ પડેલી છે. આ પડતર અરજીનો સત્વરે નિર્ણય લેવાતો નથી. જો અધિકારીઓ પર દબાણ કરવામાં આવે તો ક્ષતિઓ દર્શાવીને આ પ્લોટ ટ્રાન્સફર માટે ઓર્ડરો કરવામાં આવતા નથી અને ફાઈલો અધ્ધરતાલ કરી દેવામાં આવે છે. ત્યારે આવી પરિસ્થિતિમાં જીઆઈડીસીના ચેરમેન અને એમડીને મળીને ઉધ્યોગકારો દ્વારા રજુઆત કરવામાં આવશે.

ગાંધીનગર શહેરના સેકટર-૨૫, ૨૬ અને ૨૮માં ઔધોગીક પ્લોટો અને ગ્રીનસીટીના હાઉસીંગના પ્લોટો ટ્રાન્સફર કરવાની ફાઈલોનો નિકાલ કરવામાં જીઆઈડીસીના અધિકારીઓ દ્વારા ઢીલી નિતી રાખવામાં આવી રહી છે. પ્લોટો ટ્રાન્સફર કરવા માટેની ઓનલાઈન અરજીઓ ઉધ્યોગકારો દ્વારા કરવામાં આવી છે.અંદાજીત ૫૦ થી ૬૦ ફાઈલો ઔધોગીક અને રહેણાંક પ્લોટની ટ્રાન્સફર કરવા અંગેની ફાઈલો પેન્ડીંગ પડેલી છે. આ ફાઈલોનો ઝડપથી નિકાલ કરવામાં આવતો નથી. ન્યુ ગ્રીનસીટી વસાહત મહામંડળના પ્રમુખ સુનિલ શાહે જણાવ્યું હતું કે ઉધ્યોગકારો દ્વારા ઓનલાઈન કરેલી અરજીઓને ૩૦ થી ૬૦ દિવસ જેટલો સમયગાળો થઈ ગયો છે. ત્યાર પછી પણ આ અરજીઓનો ઝડપથી નિકાલ કરાતો નથી. ઘણીવાર તો ફાઈલ પર અધીકારીઓ દ્વારા નાની મોટી ભુલો બતાવી દેવામાં આવે છે. અને આ રીતે કામનો અધ્ધરતાલ કરી દેવામાં આવે છે. આ અંગે હવે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવાનું ઉધ્યોગકારોએ જણાવ્યું છે.

# બેફામ જતી કારની ટકકરે બાઈક સવાર વૃધ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯
ટ્રક લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા રાજકોટના વૃધ્ધ અને તેમના પેથાપુર ખાતે રહેતા મિત્ર બંને બાઈક પર ગઈ કાલે ટ્રક જોવા ગયા હતા. હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર ગિયોડ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની બાઈકને પાછળથી એક કારે ટકકર મારતા બાઈક પાછળ બેસેલા વૃધ્ધ ગંભીર રીતે ઘવાયા હતા. તેમનું આખરે સારવાર દરમિયાન કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું છે. ચિલોડા પોલીસે કાર ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે કવાયત શરુ કરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર ખાતે રહેતા અકબરભાઈ ઈબ્રાહીમભાઈ સિપાહી તેમના રાજકોટ ખાતે રહેતા ૬૫ વર્ષીય મિત્ર નાનજીભાઈ છનાભાઈ ભોજાણીને લઈને ગઈ કાલે બાઈક ઉપર નીકળ્યા હતા. નાનજીભાઈ ટ્રક લે વેચ અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. ચિલોડા-હિંમતનગર હાઈવે પર ટ્રક જોવા બંને નીકળ્યા હતા. ગઈ સમી સાંજે બાઈક પર બંને પરત આવી રહ્યા હતા ત્યારે ગિયોડ પાટીયા પાસે તેમના બાઈકને પાછળથી બેફામ ગતિએ આવતી જીજે ૧ એચ.સી. ૩૬૯૦ નંબરની ફોર્ડ ફીગો કારે ટકકર મારી દીધી હતી. આ અકસ્માતમાં બાઈક ચલાવી રહેલા અકબરભાઈ અને બાઈક સવાર નાનજીભાઈ ફંગોળાઈને હાઈવે પર પટકાયા હતા જેમાં નાનજીભાઈને ગંભીર ઈજાઓ થતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમિયાન નાનજીભાઈનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અકબરભાઈની ફરિયાદ આધારે ચિલોડા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આરોપી ચાલકની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# વાતવાતમાં

● રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સતત બે દિવસ ગાંધીનગરના સેકટર-૬માં આયોજિત બે સમૂહલગ્નોમાં હાજરી આપી હતી. આ બે સમૂહલગ્નોમાં એક સેનવા રાવત સમાજના અને બીજા રોહિતદાસ સમાજના સમૂહલગ્નોનો સમાવેશ થાય છે.

● રાજયના મુખ્ય સચિવે સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંગે જિલ્લાઓના વહીવટી તંત્ર સાથે વિડિયો કોન્ફરન્સીંગ કરી હતી તેમણે આ બેઠકમાં જળસંચય અભિયાનની સમીક્ષા હાથ ધરી હતી.

● રાજય સરકાર દ્વારા એક પરિપત્રમાં બુધવારે જ વિડિયો કોન્ફરન્સ યોજવા અને અન્ય દિવસોમાં વિડીયો કોન્ફરન્સ માટે પૂર્વ મંજુરી લેવાના આદેશો કર્યા હોવા છતાં લગભગ રોજે રોજ વિડિયો કોન્ફરન્સીંગ ગાંધીનગરથી જિલ્લા તંત્રોમાં કરવામાં આવી રહ્યા છે. આ કારણે પ્રજાના કાર્યોમાં અવરોધ ઉભા થવાની રાવ ઉઠવા પામી છે.

● માણસાના પૂર્વ ધારાસભ્ય અમિત ચૌધરી બુધવારે જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયરની મુલાકાતે આવ્યા હતા. તેમણે આ મુલાકાતને સૌજન્ય મુલાકાત ગણાવી હતી.

# ગાંધીનગરના ભીમ સૈનિક ભરતસિંઘ ચૌધરીનું નિધન

ગાંધીનગર, તા.૯
ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગર ગુજરાતના સ્થાપક પ્રમુખ અને આંબેડકરની વૈચારિક કાંતિને સતત ઉજાગર કરનાર આજીવન યોધ્ધા ભીમ સૈનિક ભરતસિંઘ ચૌધરીનું ગાંધીનગર ખાતે ગત તા. ૮મી મે ૨૦૧૮ના રોજ દુઃખદ અવસાન થવા પામ્યું છે ભરતસિંઘ ચૌધરીના આકસ્મિક નિધન અંગે આ સમિતિએ અત્યંત ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી છે.

# કલોલના માધુપુરામાંથી દેશી દારૂનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમને મળેલી બાતમી આધારે કલોલના માધુપુરા ગામમાં દરોડો પાડયો હતો.



માધુપુરા ગામમાં શાંતાબેન દશરથજી ઠાકોરના ઘરે એલસીબીની ટીમે દરોડો પાડી શાંતાબેન અને સઈજ ગામના જીવણ શકરાજી ઠાકોર બંને વ્યકિતઓની ૭૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે ધરપકડ કરી લીધી છે. રૂ.૧૪૦૦ની કિંમતના દેશી દારૂનો જથ્થો જપ્ત કરી બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ આરંભી છે.

# દહેગામ નરોડા રોડ પર પરઢોળ પાસેથી ૮ ટ્રકોમાંથી બેટરી ચોરાઈ


## રાજશ્રી બોડી બિલ્ડરમાં બોડી બનાવવા આવેલા આઈશર ટ્રકોને ચોરોએ ટાર્ગેટ કર્યા : ડભોડા પોલીસે ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા.૯
દહેગામ-નરોડા હાઈવે ઉપર પરઢોળ ગામની સીમમાં આવેલી રાજશ્રી બોડી બિલ્ડર ખાતે આઈશર ટ્રકોની બોડી બનાવવાનું કામ થાય છે. રાત્રી દરમિયાન બોડી બનાવવા પડેલી ટ્રકો પૈકી આઠ ટ્રકોમાંથી બેટરીઓની ચોરી કરી કોઈ શખ્સો ફરાર થઈ ગયા હતા. આ મામલે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતા ડભોડા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ-નરોડા હાઈવે પર પરઢોળ પાસે આવેલી રાજશ્રી બોડી બિલ્ડરમાં ટ્રકોની બોડી બનાવવાની કામગીરી થાય છે. રાતભર બોડી બનાવવા આવતી ટ્રકો આ સ્થળે પડી હોય છે. ગઈ કાલે રાત્રી દરમિયાન આ ટ્રકો પૈકી આઠ આઈશર ટ્રકોમાંથી બેટરીઓ ગાયબ થઈ જવા પામી હતી. રાત્રી દરમિયાન ત્રાટકેલા કોઈ બેટરી ચોરોએ અમુક બેટરી ચોરી કરી લીધી હતી. દયારામ રાજેન્દ્રકુમાર શર્માએ આ બેટરીઓની ચોરી મામલે ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી બેટરી ચોરો પકડી પાડવા તજવીજ શરુ કરી છે.

# ગુજરાત જાહેર સેવા આયોગના રાજ્યપત્રિત અધિકારી મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા. ૯
ગુજરાત જાહેર સેવા આયોગના રાજ્યપત્રિત અધિકારીઓની ૨૦૧૮-૧૯ના વર્ષ માટે અધિકારી મંડળના સભ્યોની ૧૯ એપ્રિલે મળેલી સામાન્ય સભામાં મંડળના હોદ્દેદારો જેવા કે પ્રમુખ, ઉપપ્રમુખ, મહામંત્રી વગેરેની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



જેમાં પ્રમુખ તરીકે બી.આર.ત્રિવેદી (સેક્સન અધિકારી), ઉપપ્રમુખ રાજેન્દ્રસિંહ. કે. રાઠોડ (નાયબ સચિવ), મહામંત્રી એમ.કે. પટેલ (સેક્સન અધિકારી), કોષાધ્યક્ષ આર.ડી.પટેલ (સેક્સન અધિકારી), આંતરિક ઓડિટર એલ.બી. સુથાર (નાયબ સચિવ) તેમજ કારોબારી સભ્યોમાં એન.આર. વાલેકર (સેક્સન અધિકારી), આર.સી મહેશ્વરી (સેક્સન અધિકારી) અને શ્રીમતી આઈ.એમ. શાહ (સેક્સન અધિકારી)ની વરણી કરવામાં આવી હતી.

# ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૯
ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ વણકર સમાજ ગાંધીનગરના ઉપક્રમે આગામી ૧૩મી મે ૨૦૧૮ના રોજ સેકટર-૨૭માં સમૂહ લગ્નોત્સવ સમારોહ યોજાશે.

ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ(પાંચ ગોળ) વણકર સમાજ આયોજીત સંવત ૨૦૭૪ વૈશાખ વદ-૧૩ તા.૧૩મી મે ૨૦૧૮ને રવિવારના રોજ સમાજના યુવાન યુવતીઓના સમુહમાં લગ્ન યોજાશે. આ સમૂહ લગ્નોત્સવ સેકટર-૭ મહારાણા પ્રતાપ મંદિર સામે ઈન્કવાયરીની બાજુમાં ડીએસપી કચેરી પાછળ ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં સમાજના યુવક યુવતીઓ લગ્ન ગ્રંથીથી જોડાશે.

# ચિરવિદાય

- સ્વ. બાસુબા મુળુભા ઝાલા, ઉ.વ. ૮૨
- સ્વ. અંબિકાબેન ચંદ્રકાન્ત રાઠોડ, ઉ.વ. ૬૬
- સ્વ. ઠાકોર પ્રભાતજી મોતીજી, ઉ.વ. ૬૩
- સ્વ. આનંદીબેન જયંતિલાલ જોશી, ઉ.વ. ૭૩
- સ્વ. કંચનબેન સેંધાભાઈ રાવળ, ઉ.વ. ૨૫

# એસીના બહાર ફેંકાતી હવાથી ગરમીની તીવ્રતામાં વધારો

## સામાન્ય રીતે દરેક ઘેર અને વ્યવસાયિક સ્થળોએ એસી હોય છે જ : એસીની માંગમાં છેલ્લા બે વર્ષમાં તોતીંગ ઉછાળો



ગાંધીનગર, તા.૯
ઉનાળો તેની પરાકાષ્ઠા તરફ આગળ વધી રહ્યો છે તેમ તેમ ગરમી પણ ખૂબ તેજ બની રહી છે. ધગધગતી ગરમીમાં ઠંડક મેળવવાનું એકમાત્ર તાપમાન જાળવી રાખતું સાધન એર કંડીશનર સહારો બન્યું છે. જે હાલ લગભગ દરેક ઘેર અને વ્યવસાયિક સ્થળોએ હોય છે જ. આ એર કંડીશનરના આઉટ ડોરમાંથી ફેંકાતા ગરમપવનો હાલની ગરમીમાં ભળી જઈ ગરમીની તીવ્રતામાં વધારો કરતા હોવાનો અહેસાસ લોકો કરી રહ્યા છે. જો કે છેલ્લા બે થી ત્રણ વર્ષ દરમિયાન ગરમીના તાપમાનમાં સતત વધારો નોંધાયો છે જેનું કારણ આ પણ હોઈ શકવાની શકયતા સેવાઈ રહી છે.

કાળઝાળ ગરમીમાં બહાર નીકળવાનું મુનાસીબ ના માનતા લોકો મહદ અંશે એસીના સહારે ઘરે કે વ્યવસાયિક સ્થળે બેસી રહેવાનું યોગ્ય માની રહ્યા છે. કુલર, પંખા થકી ગરમીને નાથી ન શકતા લોકો હવે એસીને પ્રાધાન્ય આપી રહ્યા છે અને જે કારણે હાલ લગભગ દરેક સ્થળોએ એસી લાગેલા જોવા મળી રહ્યા છે.

એસીની બનાવટ એવી છે કે તે ઘરમાં ઠંડક પ્રસરાવે છે પરંતુ બહારની બાજુમાં ગરમ પવનો સતત ફેંકે છે આ સ્થિતિમાં અસંખ્ય એસીમાંથી ફેંકાતા ગરમ પવનો હાલની ગરમીમાં ભળી જઈ ઉષ્ણતામાનમાં વધારો કરે છે જેથી તાપમાન ઉંચુ રહે છે અને વાતાવરણ ગરમ જ રહે છે. બહારનું વાતાવરણ સમી સાંજ સુધી ઠંડુ ન પડવાનું કારણ પણ એસીમાંથી બહાર ફેંકાતા ગરમ પવનો હોવાનું લોકોને લાગી રહ્યું છે. જે ગરમ પવનોને વધુ ગરમ કરી મોડી રાત સુધી વાતાવરણને ઠંડુ પડવા દેતા નથી અને સાથે સાથે બહારના કુદરતી પવનો પણ ગરમ લુના સ્વરૂપે દઝાડી રહ્યા છે.

